C.C. NO. 72923/2024

**આંક–૧ ની ફરીયાદ લગત હુકમ.**

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. ઉપરોકત વિગતેનો ઓર્ડર ધ્યાનમાં લીધો. હાલની ફરીયાદ પોલીસ ધ્વારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે ક્રિમી.પ્રોસી. કોડની કલમ: ૧૯૦(૧)(એ) અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઇ ધ્યાનમાં લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમા રજુ કર્યાની તારીખ જોતાં ક્રિમી. પ્રોસી. કોડની કલમ: ૪૬૮ મુજબ કોગ્નિઝન્સ લેવાની સમયમર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઇ કારણ કે ખુલાસો નથી. આ સંજોગોમાં અત્રેની કોર્ટ ધ્વારા કાયદાની નિયત કરેલી સમયમર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઇ શકે નહી અને આરોપી સામે ટ્રાયલ શરુ કરી શકાય નહી. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. સબબ ફરીયાદ પક્ષે સાંભળ્યા, હાલનો કેસ ક્રિમી.પ્રોસી. કોડની કલમ: ૪૬૮ મુજબ કોગ્નિઝન્સ લઇ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરુ કરી શકાય નહીં. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. સબબ ફરીયાદપક્ષે સાંભળ્યા, હાલનો કેસ ક્રિમી.પ્રોસી.કોડની કલમ: ૪૬૮ મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, આજરોજ સદરહુ કેસ ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા સ્પેશ્યલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૨/૦૬/૨૦૨૪

(ડી. એચ. ખંભાતી)
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૬,અમદાવાદ.
જી.જે.૦૦૮૬૬